# પતિ-પત્નિ ફિલ્મ જોવા ગયા ને પત્નિ બીજા કોઈ સાથે ભાગી ગઈ...!

## અગોરા મોલના પાર્કિંગમાં પતિ બાઈક પાર્કીંગ કરવા ગયો ત્યાં બીજા કોઈના વાહનમાં બેસીને પત્નિ જતી રહેતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીકના કોબા-ઈન્દિરા બ્રીજ માર્ગ પર સ્થિત અગોરા મોલના પાર્કિંગમાં ચોંકાવનારો કિસ્સો બનવા પામ્યો હતો. ચાંદખેડા આઈ.ઓ.સી. રોડ પર એક સોસાયટીમાં રહેતા પતિ-પત્નિ સાથે મળીને મોલના થિયેટરમાં ફિલ્મ જોવા ગયા હતાં. પતિ પાર્કિંગમાં બાઈક મુકવા ગયો ત્યારે પતિની નજર સામે જ પત્નિ બીજા કોઈના બાઈકમાં બેસીને જતી રહી હોવાનો કિસ્સો બનતા ચકચાર મચી જવા પામી છે. પતિની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી વિગતો અનુસાર ચાંદખેડાના આઈ.ઓ.સી. રોડ પર સ્થિત એક સોસાયટીમાં રહેતું એક દંપતી ગઈ કાલે બપોરે પોણા એક વાગ્યાના અરસામાં ફિલ્મ જોવા માટે બાઈક પર બાલાજી અગોરા મોલના ગ્રાન્ડ સિનેમા થિયેટરમાં ગયા હતાં. અગોરા મોલમાં પહોંચ્યા બાદ બાઈકને પાર્ક કરવા માટે પાર્કિંગમાં ભોંયરામાં લઈ ગયા હતા. પતિ બાઈક પાર્ક કરી રહ્યો હતો ત્યારે તેની નજર સામે જ તેની ૨૩ વર્ષની પત્નિ બીજાના બાઈકમાં બેસીને ભાગી ગઈ હતી. પતિ બાઈક લઈને પાછળ પડયો પરંતુ ત્યાં સુધીમાં તેઓ ભાગી ગયા હતાં. આ ઘટના અંગે અડાલજ પોલીસે પતિની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



જૂના સચિવાલયની ઓફિસોની સાઈન દર્શાવતા બોર્ડ ક્યારનાંય 'જૂના' થઈ ગયા છે. તંત્ર દ્વારા આ વિશે વિચાર કરવામાં આવવો જોઈએ. (તસવીર : કશ્યપ નિમાવત)

# દહેજ માંગીને મારી નાંખવાની ધમકી આપનાર સાસરીયા સામે ફરીયાદ

## પતિ, સાસુ-સસરા અને દિયર વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીકના મહુન્દ્રા ગામની સીમમાં ઈશ્વર ફાર્મ ખાતે પિયરમાં રહેતી પરિણિતાએ તેના પતિ સહીત સાસરીયાઓ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. મારઝુડ કરીને દહેજ માંગણી કરતાં હોવા ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપતા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

મહુન્દ્રા ગામની સીમમાં ઈશ્વરફાર્મમાં પિયરમાં રહેતી પરિણિતા લતાબેન વિનોદભાઈ દંતાણીએ ચિલોડા પોલીસમથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેણીના પતિ વિનોદ દંતાણી, સસરા બૈજુભાઈ દંતાણી,સાસુ તેજુબેન દંતાણી અને દિયર વિષ્ણુ દંતાણી મળીને અવારનવાર દહેજની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપી ચારેય જણા મ્હેણા ટોણા મારીને ગડદા-પાટુનો માર મારતા હતા. તે ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી છે. જે ફરીયાદને આધારે ચિલોડા પોલીસમથકના એએસઆઈ દિલાવરખાને પતિ સહિત ચારેય વિરૂદ્ધ ગુના દાખલ કરીને તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાયના ભેટાથી ૭૮ વર્ષના વૃદ્ધને ફેકચર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના દરેક સેકટરમાં છેલ્લા ઘણા સમયથી હરાયા ઢોરોનો ત્રાસ વધી ગયો છે. સ્થાનિક કચેરીએ વારંવાર ફરિયાદ કરવા છતાં રખડતા ઢોરોને પકડવામાં આવતા નથી. રખડતા ઢોરોથી સેકટરના ઘણા વૃદ્ધો, મહિલાઓ ઘાયલ થયા હોવાના દાખલ મળ્યા છે. તાજેતરમાં સેકટર-૧૨ના શિવરામભાઈને ગાયે પાછળથી શીંગડું મારતા તેઓ ઉછળીને પડી ગયા હતા અને હાથે ફ્રેકચર થયું હતું.

શહેરના સેકટર-૧૨ના પ્લોટ નં. ૮૦/૩, જ-૨ ટાઈપમાં રહેતા ૭૮ વર્ષના શિવરામભાઈ ૭મી ઓગષ્ટે સાંજે દરવાજા બહાર ઉભા હતા ત્યારે પાછળથી ગાયે આવતા એક ગાયે શીંગડું મારી તેમને પાડી દીધા હતા. જેથી તેમના જમણા હાથે ફ્રેકચર થઈ ગયું અને ડાબો હાથ છોલાઈ ગયો હતો. આવા તો અનેક દાખલા રોજે રોજ બને છે.

સ્થાનિક તંત્રને રખડતા ઢોરો બાબતે વારંવાર કહેવા છતાં ઢોરોને પકડવા કોઈ તજવીજ હાથ ધરાઈ નથી. માત્ર ૧૨ સેકટર જ નહીં પરંતુ ખુલ્લા રોડ ઉપર ઘણા ગાયોના ધણ બેફામ બેઠા નજરે પડે છે. સવારે વહેલા અને સંધ્યા સમયે ઘ-૪, ઘ-૫, ઘ-૬, ગ-૫, ગ-૬, રેલવે ફાટક, ગ્રીનસીટી રોડ વગેરે જગ્યા એ રખડતા ઢોરો સવાર સાંજ વાહનચાલકોને હેરાન કરે છે. ગાયો ભેંસોના ત્રાસથી બચવા સ્થાનિકજનોએ ફરિયાદ કરી છે.

## આજે ગુજરાત પ્રદેશ દલિત સેનાની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પ્રદેશ દલિતસેનાની બેઠક આજે તા. ૧૦મી ઓગષ્ટ-૨૦૧૩ને શનિવારે બપોરે ૧ કલાકે સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાશે.

દલિત સેનાની બેઠકમાં આગામી મહિનામાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાન અને તેમના પુત્ર ચિરાગ પાસવાનનું સન્માન યોજવા બાબતે તથા પાટણ જિલ્લાના તેજસ્વી તારલા, નિવૃત્ત કર્મચારી, વિવિધ એવોર્ડ વિજેતા સૌનું સન્માન સમારંભ યોજવા અંગે વિચારવિમર્શ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લા દલિતસેનાના પદાધિકારીઓને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને શહેર પ્રમુખ જયંતિલાલે ખાસ જણાવ્યું છે.



મનપા દ્વારા વરસાદ બાદ રસ્તા પરની ધૂળ અને કચરો સાફ કરવા આધુનિક મશીનો દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી છે, સમય અને શક્તિની બચત જ છે. (તસવીર : કશ્યપ નિમાવત)


સ્વચ્છતા અભિયાન : ગાંધીનગરમાં વરસાદી મોસમમાં ફુટપાથમાં અને રોડની વચ્ચે ઘાસ વ્યાપક પ્રમાણમાં ઉગ્યું છે. ઘાસના કારણે મચ્છરોના ઉપદ્રવના કેન્દ્રો પણ વધ્યા છે. આરોગ્ય તંત્રની ભલામણથી મનપા અને માર્ગ મકાન વિભાગે સફાઈ કામગીરી પૂરજોશમાં આરંભી છે. (તસવીર : દિપક જાની)

# ચેઈન સ્નેચર્સના નિશાન પર પાટનગરની વૃદ્ધાઓ...!

## ફોર્મલ કપડામાં સેલ્સમેન લુકમાં પલ્સર પર આવીને વૃદ્ધોને ટાર્ગેટ બનાવાય છે : સે-૮માં વધુ એક ચેઈન સ્નેચીંગનો બનાવ

ગાંધીનગર, તા.૯

પાટનગરમાં અશકત તથા વૃદ્ધને હવે ચોકકસ સમય ગોઠવીને એક કલાક સુધી રેકી કરીને ચેઈન સ્નેચીંગ માટે ટાર્ગેટ બનાવાય છે. બપોરે ત્રણથી સાંજના સાડા પાંચ સુધીનો સમય તથા સાંજે સાડા સાત પછીનો અને વહેલી સવારે મંદિર જવાના સમયે ચેઈન સ્નેચર્સ ખાસ પોતાનો શિકાર શોધતા હોય છે. બે દિવસ અગાઉ સે-૬માં બાંકડે બેસેલા વૃદ્ધ દંપતિ પાસે જઈને સમી સાંજે વૃદ્ધાને ટપલી મારી ચેઈન સ્નેચીંગ કરવામાં આવી હતી. તો ગઈ સમી સાંજે સે-૮માં પણ એક વૃદ્ધા ચેન સ્નેચર્સનો શિકાર બની હતી. અઢી તોલાનો દોરો ખેંચીને પલ્સર લઈને આવેલા બે ચેઈન સ્નેચર્સ ફરાર થઈ ગયા હતાં. પોલીસ કંટ્રોલમાં જાણ થતા ચારેય તરફ નાકાબંધી કરી મુકવામાં આવી હતી પરંતુ ચેઈન સ્નેચર્સ હાથમાં આવ્યા ન હતાં.

સેકટર-૮માં આવેલી આમ્રકુંજ સોસાયટીમાં ગઈ કાલે રેકી સ્વરૂપે પલ્સર બાઈક પર બે શખ્સોએ એક કલાક સુધી આંટા માર્યા હતા. જે બંને ફોર્મલ કપડામાં સેલ્સમેન લુકમાં આવેલા હતાં. સાંજે પાંચેક વાગ્યે તે બંનેને કોઈ જ કારણ વગર સોસાયટીના રસ્તાની બાજુમાં ઉભેલા પણ લોકોએ જોયા હતાં. સવા પાંચ વાગ્યાના અરસામાં સોસાયટીમાં કોઈ બહાર ન હતું તે વખતે તે બંનેએ મસાલો મોં માં દબાવ્યો અને તે પૈકી એકે બાઈક ચાલુ કર્યું તો બીજો શખ્સ સોસાયટીમાં ઘર આંગણે બેસીને ચણાની દાળ સાફ કરી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધા ડાહ્યીબેન કેશવપુરી ગોસ્વામી પાસે ગયો. પાછળથી ડાહ્યીબેનના ગળામાં હાથ મારીને પહેરેલો આશરે અઢી તોલા વજનનો સોનાનો દોરો આંચકીને ભાગ્યો હતો. બાઈક ચાલુ રાખીને ઉભો રહેલો તેનો સાથીદાર તેની નજીક ગયો અને બાઈક પાછળ બેસાડી બંને ચેઈન સ્નેચર્સ ભાગ્યા હતાં. વૃદ્ધાએ બુમાબુમ કરતા આસપાસના લોકો દોડીને બહાર આવી ગયા હતા પરંતુ પરિસ્થિતિ સમજે તે પહેલા જ બંને શખ્સો રફફુચક્કર થઈ ગયા હતા પોલીસ કંટ્રોલમાં આ સંદર્ભે જાણ કરાતા પોલીસે તાત્કાલીક નાકાબંધી શરુ કરી દીધી હતી અને વાહન ચેકીંગ સઘન કરી મુકયું હતું પરંતુ બંને શખ્સો હાથમાં આવ્યા ન હતાં.

### કયાં સમયમાં ચેઈન સ્નેચર્સ વધુ તફડંચી કરે છે?

ચેઈન સ્નેચર્સ હાથફેરો કરવા માટે ચોકકસ સમય નક્કી કરીને નીકળે છે જે સમયગાળામાં વધુ માણસો બહાર ન હોય તેવો સમય ચેઈન સ્નેચર્સ વધુ પસંદ કરે છે. વહેલી સવારે મંદિરે જવા આવવાનો સમય (મોટે ભાગે સવારે ૬ થી ૮ વાગ્યાના અરસામાં) તથા બપોરના ત્રણ વાગ્યાથી સાંજે સાડા પાંચ સુધીના સમય ગાળામાં તથા મોડી સાંજે ૭ વાગ્યાથી રાત્રે જમી પરવારીને નગરજનોના ચાલવા જવાના સમયને વધુ પસંદ કરે છે. ખાસ કરીને આ લોકો મહિલાઓ ને તથા અશકત વૃદ્ધાઓને નિશાન બનાવી તકનો લાભ લઈને ચેઈન સ્નેચીંગ કરી પલ્સર બાઈકમાં રફફુચક્કર થઈ જતા હોવાનું તાજેતરમાં બનેલા બનાવો પરથી જાણવા મળ્યું છે.


શ્રાવણમાં શિવકથા : શ્રાવણ માસના આરંભની સાથે નગરમાં ભક્તિનો અનેરો માહોલ સર્જાયો છે. શ્રાવણના પ્રારંભે જ સેક્ટર-૨૪ અંબિકા ચોકમાં પૂ. યોગી મહારાજના વ્યાસાસને શિવકથા આરંભાઈ છે. (તસવીર : દિપક જાની)

# ઉવારસદ ગામના ૪૦ વર્ષીય યુવાનનું સર્પદંશથી મૃત્યુ

## એક દિવસ સુધી હોસ્પિટલમાં મોત સામે યુવાન ઝઝુમ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર પાસેના ઉવારસદ ગામમાં રહેતા ૪૦ વર્ષીય યુવાનને ગઈકાલે ઝેરી સાપે દંશ મારી દેતા તેને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. એક દિવસ સુધી મોત સામે ઝઝુમેલા યુવાને આજે બપોરે હોસ્પિટલમાં જ દમ તોડ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉવારસદ ગામમાં રહેતા ૪૦ વર્ષીય રમેશભાઈ ગાભાભાઈ ઠાકોર ખેતરમાં કામ કરીને ઘર તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન કેડીએથી પસાર થતી વખતે ઝેરી સાપે રમેશભાઈના પગે ડંખ મારી દેતા શરીરમાં કંપારી છુટી ગઈ હતી. પગમાં રૂમાલ બાંધીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સગાસંબંધી સારવાર અર્થે લઈ ગયા હતા. હોસ્પિટલમાં એક દિવસ સુધી યુવાને જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાધા હતા. અંતે આજે બપોરના અરસામાં યુવાનનુંસારવાર દરમ્યાન શરીરમાંઝેર પ્રસરી જવાથી મૃત્યુ નિપજ્યું હતુ. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરૂ કરી છે.

## આદર્શ નિવાસી શાળા નાંદોલનું ગૌરવ

દહેગામ તાલુકાના નાંદોલ ગામમાં આવેલ આદર્શ નિવાસી શાળાએ ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી કચેરી દ્વારા આયોજિત દહેગામ ઉત્તર વિભાગની વિવિધ સ્પર્ધાઓમાંથી કબડ્ડી તેમજ વૉલીબોલની સ્પર્ધા (અન્ડર-૧૭ વર્ષ) ભાગ લીધો હતો. જેમાં આદર્શ નિવાસી શાળા નાંદોલના ભાઈઓએ બંને સ્પર્ધામાં ચેમ્પિયન બનીને જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે. કબડ્ડી અને વૉલીબોલની સ્પર્ધામાં ચેમ્પિયન બનતાં જિલ્લા નાયબ અધિકારી નરેન્દ્ર ગુરૂ તેમજ શાળાના આચાર્ય બી.એસ. બારૈયાએ અભિનંદન પાઠવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૯

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા
વરસાદ ૧.૫. મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦
બી.એ. પાસ : ૫.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે મચકીના ઝૂલા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે પુનમભાઈ ભટ્ટના નિવાસ સ્થાન ૨૫/૩, છ- ટાઈપ, સેકટર-૨૩ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે જીતુભાઈ રાવલના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૫૪/૧૧, ચીપ ટાઈપ શોપિંગની બાજુમાં શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે નિરંજનાબેન ઓઝાના નિવાસ સ્થાન ૧૦૩/૧, સેકટર-૧૪ ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા શ્રી કિરીટભાઈ શુકલના નિવાસ સ્થાને સેકટર-૭/બી, પ્લોટ નં. ૧૦૦૪/૧, શિવકૃપા ખાતે સવારે ૯.૦૦ કલાકે, લઘુરૂદ્ર.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને ચોકલેટના હિંડોળા

## આપની આજ

**મેષ** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવુંપડશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

**વૃષભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

**મિથુન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

**કર્ક** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. મિત્રોનો સહયોગ મળશે.

**સિંહ** : વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

**કન્યા** : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

**તુલા** : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થશે.

**કુંભ** : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

## ચિરવિદાય

- સ્વ. રેવાબેન કાન્તીલાલ પ્રજાપતિ (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૩૧૩, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. દિવાબેન રામજીભાઈ મહેરીયા (ઉ.વ.૧૦૪)મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. અશોકસિંહ નવલસિંહ પરમાર (ઉ.વ.૪૦) બ્લોક નં. ૧/૧, છ- ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. જડીબેન જીતાજી ઠાકોર (ઉ.વ.૮૮)મુ.પો. ઈસંડ, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન બાપુલાલ બારોટ (ઉ.વ.૮૬) બ્લોક નં. ૧૮૧/૧, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. હર્ષાબેન ભરતભાઈ દેવાણી(ઉ.વ.૫૦) બ્લોક નં. ૨૫૭/૪, ગાયત્રીકૃપા સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.